# દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

## યુનિવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ,

## સુરત–૭

### : સિન્ડિકેટની સામાન્ય સભા :

### : નોટીસ :

સિન્ડિકેટની સામાન્ય સભા બુધવાર, તા: ૨૨–૧૦–૨૦૦૩ ના રોજ બપોરે, ૧–૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી જેમાં સભ્યોની હાજર નીચે મુજબ છે.

### : કાર્યવાહી :

| | | |
|---|---|---|
| ૧ | શ્રી પ્રેમકુમાર શારદા. (કુલપતિશ્રી) | હાજર |
| ૨ | – ખાલી – (ઉપ–કુલપતિશ્રી) | –– |
| ૩ | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪ | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | હાજર |
| ૫ | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬ | આચાર્ય ઘનશ્યામ પ્રસાદ છોટુભાઈ સનાઢય | હાજર |
| ૭ | આચાર્ય ડૉ.વિક્રમ બળવંતરાય દેસાઈ | હાજર |
| ૮ | ડૉ.કિશોરસિંહ વિજયસિંહ દેસાઈ | હાજર |
| ૯ | ડૉ.પંકજ કાન્તીલાલ હીરાધર | હાજર |
| ૧૦ | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા. | હાજર |
| ૧૧ | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા. | હાજર |
| ૧૨ | ડૉ.મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૩ | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ. | હાજર |
| ૧૪ | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૫ | શ્રી હર્ષદભાઈ પ્રભુદાસ શાહ | હાજર |

(૧) સિન્ડિકેટ, તા. ૨૫–૯–૨૦૦૩ની સામાન્ય સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

(પ્રસ્તુત કાર્યવાહીનો ખરડો આ સાથે સામેલ છે.)

(૨) રાજય સરકારના શિક્ષણ વિભાગના તા.૮–૪–૨૦૦૩ના ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૧૦૩–૬૩૧–ખ ના પત્રમાં જણાવ્યા પ્રમાણે શિક્ષકોના કાર્યભાર અંગે નીચે જણાવેલ ઓર્ડિનન્સ–૬૯માં જરૂરી સુધારો કરવા વિચારણા કરવા બાબત.

(૩) વિદ્યાર્થીએ એક કોલજમાં પ્રવેશ લીધા બાદ કોઈક સંજોગોમાં પ્રવેશ રદ કરાવવામાં આવે ત્યારે કેટલીક કોલેજો તરફથી વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવેલા દસ્તાવેજો અને ફી પરત કરવામાં આવતી નથી. તેમજ બોન્ડ, એડ્વાન્સમાં ચેક વગેરે લેવામાં આવે છે, તે અંગે વિચારણા કરવા બાબત. **(એકેડેમિક)**

(૪) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરફથી યુનિવર્સિટી કાર્યાલયને છ માસ કે તેથી વધે સમય બાદ અહેવાલ ન મળવાના કારણે રદ કરેલ સ્થાનિક તપાસસમિતિ સભ્યોના બદલે નવા સભ્યોની નિયુકિત કરવા અંગે વિચારણા કરી સિન્ડિકેટ, તા.૨૫–૯–૨૦૦૩ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક: (૧૩) અન્વયે, વિચારણા કરી અલગ–અલગ ઝોન પ્રમાણે યાદી જુદી કરી રજૂ કરવાનું ઠરાવતાં તે અંગે પુન: વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

(નોંધ:– કોલેજ તથા સ્થાનિક તપાસસમિતિના સભ્યોના નામોની સુધારેલ યાદી આ સાથે બિડાણ તરીકે સામેલ છે.) (બિડાણ–૨)

(૫) ઉધના સીટિઝન કો.ઓ.બેન્ક કોમર્સ કોલેજમાં શૈક્ષણિક વર્ષ:૨૦૦૪–૨૦૦૫ થી સ્વનિર્ભર કોમર્સના અભ્યાસક્રમનું ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટે પ્રસ્તુત કોલેજનો ઓનરરી ડાયરેકટરે તેમના તા. ૨૦–૯–૨૦૦૩નાં પત્રાંકઉ ૨૩૯/૨૦૦૩–૨૦૦૪ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

(૬) સરકારી વિનયન અને વાણિજય કોલેજ, સરીગામનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫ થી ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૨૩–૯–૦૩ના પત્રાંક:૨૦૦૪–૨૦૦૫ના વર્ષનું જોડાણ/૩૩૯/૦૩ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

(૭) જોડાણઅરજી અંગેની અરજી ફી પરત કરવા અંગેનો ઓર્ડિનન્સ–૬૬(૧)માં જરૂરી સુધારો/વધારો કરવા અંગે પુન:વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

(નોંધ:– ઓર્ડિનન્સ–૬૬(૧)ની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)(બિડાણ–૩)

(૮) ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ ટેકનોલોજી (સ્પાન) ઉધના સુરત, મેડિકલ ટેકનોલોજીના ડિપ્લોમાં અભ્યાસક્રમ બંધ કરવા પ્રસ્તુત સંસ્થાના નિયામકશ્રી અને આઈએમટી એન્ડ ચેરમેન, સ્પાન એજ્યુકેશન ફાઉન્ડેશનના તા.૨૯–૮–૨૦૦૩ના પત્રાંક:આઈએમટી/એફી.ફી/૦૩/૩૧ ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

(નોંધ:– ઉપરોકત પત્ર આ સાથે બિડાણ તરીકે સામેલ છે.) (બિડાણ–૪)

(૯) પ્રોફેસર વી.બી.શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, અમરોલીની શૈક્ષણિક વર્ષ:૨૦૦૪–૨૦૦૫થી બી.બી.એ. ચાલુ તથા કોમર્સ (અંગ્રેજી માધ્યમ) નું ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના કો–ઓર્ડિનેટરએ તેમના તા.૨૨–૯–૦૩ના પત્રાંક:૪૫/૨૦૦૩–૨૦૦૪ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

(૧૦) આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નિઝરની શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૨૪–૯–૨૦૦૩નાં પત્રાંક:વીબીએન/૨૬૫/૨૦૦૩–૦૪ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

(૧૧) કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડની શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૧–૮–૨૦૦૩નાં પત્રાંક:૬૦/૨૦૦૩–૨૦૦૪ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

(૧૨) સિગ્મા ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી એન્જિનિયરીંગ, વડોદરા ધ્વારા વડોદરા મુકામે શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી સ્વનિર્ભર સિગ્મા ઈન્સ્ટિટયૂટ ઓફ બી.એડ્.નું નવું જોડાણ મેળવવા પ્રસ્તુત સંસ્થાના ચેરમેનશ્રીએ તેમના તા.૨૨–૯–૨૦૦૩ના પત્રાંક:એસઆઈટી/એસજીયુ/૨૦૦૩–૧૪૫ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

(૧૩) સિગ્મા ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી એન્જિનિયરીંગ, વડોદરા ધ્વારા વડોદરા મુકામે શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી સ્વનિર્ભર સિગ્મા ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ(એમ.બી.એ.)નું નવું જોડાણ મેળવવા પ્રસ્તુત સંસ્થાના ચેરમેનશ્રીએ તેમના તા.૨૨–૯–૨૦૦૩ના પત્રાંક:એસઆઈટી/એસજીયુ/ ૨૦૦૩–૧૪૫ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

(૧૪) સિગ્મા ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી એન્જિનિયરીંગ, વડોદરા ધ્વારા વડોદરા મુકામે શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી સ્વનિર્ભર સિગ્મા ઈન્સ્ટિટયૂટ ઓફ ફાર્મસીનું નવું જોડાણ મેળવવા પ્રસ્તુત

સંસ્થાના ચેરમેનશ્રીએ તેમના તા.૨૨–૯–૨૦૦૩ના પત્રાંક:એસઆઈટી/ એસજીયુ/૨૦૦૩–૧૪૭ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.
**(સિન્ડિકેટ)**

(૧૫) સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરતમાં શૈક્ષણિક વર્ષ : ૨૦૦૨–૨૦૦૩ થી સ્વનિર્ભર એન્જિનીયરીંગ અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મેળવવા માટે પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૪–૧૦–૨૦૦૧ના પત્રાંક:એસસીઈટી/ એસઆરટી/૧૧૫૯/૨૦૦૧ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.
**(સિન્ડિકેટ)**

(૧૬) જી.આઈ.ડી.સી. રજ્જુ શ્રોફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, વાપીનું શૈક્ષણિક વર્ષ: ૨૦૦૦–૨૦૦૧ થી ૨૦૦૩–૨૦૦૪નું એમ.બી.એ. સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના નિયામકશ્રીએ તેમના તા.૭–૫–૨૦૦૩ના પત્રાંક વગરના પત્ર સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

(૧૭) ૨૦૦૧–૨૦૦૨ના વર્ષનો યુનિવર્સિટીનો ૩૬મો વાર્ષિક અહેવાલ સેનેટની તા.૩૦–૩–૨૦૦૩ના રોજ મળેલ સેનેટની વાર્ષિક સભામાં, ચર્ચા–વિચારણાને અંતે સર્વાનુમતે મજૂર કરવામાં આવ્યો હોઈ, યુનિવર્સિટી ધારાની કલમ–૫૧ અન્વયે, પ્રસ્તુત વાર્ષિક અહેવાલને આખરી મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

(૧૮) સેનેટ તેની તા.૩૦–૩–૨૦૦૩ના રોજ મળેલ વાર્ષિક સભામાં સને ૨૦૦૨–૨૦૦૩ નું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૦૩–૨૦૦૪ના અંદાજપત્રની સર્વાનુમતે નોંધ લીધી હોવાથી યુનિવર્સિટી ધારાની કલમ–૫૦ મુજબ અંદાજપત્રને હવે આખરી મંજૂરી આપવા વિચારણા કરવા બાબત.

**(હિસાબી)**

(૧૯) યુનિવર્સિટીના ઓર્ડિનન્સ–૩૩(૩) અન્વયે, નાણાં સમિતિના સભ્યશ્રીઓની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત. **(હિસાબી)**

**<u>ઓર્ડિનન્સ–૩૩</u>**

The members of the Finance Committee shall be :

(1) The Vice-Chancellor - (Chairman)

(2) The Pro-Vice – Chancellor

(3) Any five members appointed by the Syndicate from amongst its members.

(નોંધ: હાલમાં નાણાં–સમિતિ પર બે સભ્યો સભ્યપદે છે (૧) મા.કુલપતિશ્રી અને

(૨) શ્રી હેંમતભાઈ ટોપીવાલા)

(૨૦) પરીક્ષકો/પ્રાશ્નિકો/લેબ સ્ટાફ તેમજ અન્ય ચેકો મળી વાર્ષિક આઠ થી દસ હજાર જેટલા ચેકો પરીક્ષા ફંડમાંથી ઈસ્યુ કરવામાં આવે છે. સદર ચેકો પર મુ.હિ. અ.શ્રી તથા કુલસચિવશ્રીની સહી લેવામાં આવે છે. જેમાં કુલસચિવશ્રીનો ખૂબ સમય જાય છે. તથા તેઓ તેમાંજ વ્યસ્ત રહેતા હોઈ રૂ.૫,૦૦૦/– સુધીની રકમના ચેકો પર કુલસચિવશ્રીની પછીના કોઈ પણ કેડરના અધિકારશ્રીને સહી કરવાની સત્તા આપવા અંગે વિચારણા કરવા બાબત.

**(હિસાબી)**

(૨૧) એપ્રિલ ૨૦૦૨માં થવા કેન્દ્રમાં લેવાયેલ ટી.વાય.બી.આર.એસ.ની પરીક્ષામાં માસકોપીંગ (Mass Coping) અંગેના રિપોર્ટમાં પરીક્ષા આચાર સમિતિએ તેની તા.૨૬–૩–૨૦૦૩ ની સભામાં થવા કોલેજ ના પ્રા.રાઠવા પાસે પ્રસ્તુત બાબતમાં ખુલાસો મંગાવી સિન્ડિકેટમાં મુકવા ઠરાવેલ છે. પ્રા.રાઠવાનાં તા.૨૭–૫–૨૦૦૩ નાં પત્રથી મોકલેલ ખુલાસા અંગે વિચારણા કરવા બાબત.

**(પરીક્ષા)**

(નોંધ:– પ્રા.રાઠવાનો ખુલાસો આ સાથે સામેલ છે.) (બિડાણ–૫)

(૨૨) પરીક્ષા આચાર સમિતિની તા.૨૩–૭–૨૦૦૩ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

(નોંધ:–પરીક્ષા આચાર સમિતિની ઉપરોકત સભાની કાર્યવાહીની નોંધ/ભલામણો બિડાણ તરીકે સામેલ છે.) (બિડાણ–૬)

(૨૩) પરીક્ષા આચાર સમિતિની તા.૨૯–૭–૨૦૦૩ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

(નોંધ:–પરીક્ષા આચાર સમિતિની ઉપરોકત સભાની કાર્યવાહીની નોંધ/ભલામણો બિડાણ તરીકે સામેલ છે.) (બિડાણ–૭)

(૨૪) પરીક્ષા આચાર સમિતિની તા.૧૩–૮–૨૦૦૩ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

(નોંધ:–પરીક્ષા આચાર સમિતિની ઉપરોકત સભાની કાર્યવાહીની નોંધ/ભલામણો બિડાણ તરીકે સામેલ છે.) (બિડાણ–૮)

(૨૫) પરીક્ષા આચાર સમિતિની તા.૨–૯–૨૦૦૩ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

(નોંધ:–પરીક્ષા આચાર સમિતિની ઉપરોકત સભાની કાર્યવાહીની નોંધ/ભલામણો બિડાણ તરીકે સામેલ છે.) (બિડાણ–૯)

(૨૬) સિન્ડિકેટની તા.૧૨–૯–૨૦૦૨ની સમિતિના ઠરાવ ક્રમાંક: ૯ અનુસાર મુલતવી રહેલી નીચેની બાબત પર વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

૧. "આગામી પદવીદાન સમારંભ અંગેના આવેદનપત્ર તથા ફી નકકી કરવા માનનીય કુલપતિશ્રીએ નકકી કરેલ સમિતિની તા.૨૪–૬–૨૦૦૨ના રોજ મળેલ સભાએ કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત."

૨. ૩૫માં પદવીદાન સમારંભમાં ફોર્મની કિંમત તથા પદવી ફીની કિંમત નકકી કરવા અંગે...........

૩. ડુપ્લીકિટ ડીગ્રીના ફોર્મ તથા તેની ફી અંગે વિચારણા કરવા બાબત....

૪. પદવી પરીક્ષા પાસ કર્યા બાદ પદવી અંગેના ફોર્મ ન ભરેલ હોય (કોન્વોકેશન ફોર્મ ન ભરેલ હોય) તેમને કામચલાઉ પ્રમાણપત્ર આપવા અંગેની ફી અંગે વિચારણા કરવા બાબત......

૫. પદવી મેળવવા અંગે અરજી કર્યા બાદ પદવીદાન સમારંભ સુધી નિયમાનુસાર પ્રમાણપ્રત્ર આપી ન શકાય તે અંગે કામચલાઉ પ્રમાણત્ર આપવા અંગેની ફી અંગે વિચારણા કરવા બાબત.....

૬. નિયત સમય મર્યાદા બાદ ફોર્મ ભરવા માટે લેઈટ ફી લેવી કે કેમ? અને કયાં સુધી લેવા તે માટે સમય મર્યાદા નકકી કરવા વિચારણા કરવા બાબત......

:: ઉપરોકત બાબત ક્રમાંક: ૨ થી ૬ ની ભેગી વિચારણા કરવામાં આવી હતી અને વિસ્તૃત ચર્ચા વિચારણાને અંતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું હતું.

:: આથી ઠરાવવામાં આવે છે કે, હાલમાં લેવાતી વિવિધ પ્રકારની ફીમાં સ્ટેશનરી, પ્રિન્ટીગ, પેકીગ, પોસ્ટેજ ખર્ચ, કુરીયર, સ્પીડ પોસ્ટ, ટેલીફોન વિગેરેમાં થયેલ ભાવ વધારો, ઉપરોકત વહીવટી ખર્ચ, પ્રોસેસ ખર્ચ, કામચલાઉ સ્ટાફનો ખર્ચ, તેમજ પદવીદાન સમારંભનો ખર્ચ, જાહેરાતનો ખર્ચ વિગેરેને ઘ્યાનમાં લઈ હાલની તમામ પ્રકારની ફીમાં પુન: વિચારણા કરવાનું જરૂરી લાગે છે અને તે અંગે અધિકાર મંડળ જરૂરી યોગ્ય વિચારણા કરે તે માટે ભલામણ કરવામાં આવે છે. હાલમાં લેવાતી વિવિધ ફીની માહિતી સામેલ કોઠામાં દર્શાવવામાં આવેલ છે.

| S\| D | I JUT | CF, DF\ , [ JFTL OL |
|---|---|---|
| ૧. | પદવી પ્રમાણપત્ર ફોર્મ ફી | રૂ.૨૦/– |

| | | |
|---|---|---|
| ૨. | પદવી ફી (હાજર તથા ગેરહાજર) | રૂ.૧૫૦/– |
| ૩. | ડુપ્લીકેટ ડીગ્રી મેળવવા અંગેની ફોર્મ ફી | હાલમાં નથી |
| ૪. | ડુપ્લીકેટ સર્ટિફીકેટ મેળવવા અંગેની ફી (પોસ્ટ ધ્વારા મોકલવા માટે રૂ.૩૦/– અલગ પોસ્ટેજ ચાર્જ તરીકે લેવામાં આવે છે.) | રૂ.૧૧૦/– |
| ૫. | પદવી ફોર્મ ભર્યા બાદ કામચલાઉ પ્રમાણપત્ર મેળવવા અંગેની ફી | રૂ.૫૦/– |
| ૬. | પદવી મેળવવા અંગેનું ફોર્મ ન ભરેલ હોય અને કામચલાઉ પ્રમાણપત્ર મેળવવા અંગેની ફી | રૂ૫૦/– |
| ૭. | લેઈટ ફી | હાલમાં નથી. |
| ૮. | રજીસ્ટ્રેશન ફી | રૂ.૨૦/– |
| ૯. | ડીગ્રી સર્ટિફીકેટની માર્કશીટની ચકાસણી ફી | રૂ.૫૦/– (૧ ઝેરોક્ષ નકલના) |

કાર્યાલયના અનુભવને ધ્યાનમાં લેતા કામચલાઉ પ્રમાણપત્ર અંગે આવેલ અરજી તથા ડુપ્લીકેટ સર્ટિફીકેટ મેળવવા અંગેની અરજી તેમજ ડીગ્રી સર્ટિફીકેટ ચકાસણી માટે જરૂરી અગાઉના વર્ષો જૂના દસ્તાવેજો પ્રાપ્ત કરવા માટે કાયમી અપૂરતા સ્ટાફને કારણે ઘણો સમય વ્યતિત થતો હોય, આ અંગે સરકારમાં તથા અન્ય સંસ્થામાં લેવામાં આવતી "શોધાઈ ફી" ના ધોરણે યુનિવર્સિટીમાં તેવા પ્રકારની

ફી લેવાનું નકકી કરવા તથા તે ઉપરાંત વધારાની ફી લેવામાં આવે તે રીતે વધારાની ફી લેવી કે કેમ તે અંગે પણ જરૂરી વિચારણા કરવા જે તે અધિકાર મંડળને ભલામણ કરવામાં આવે છે.

(૨૭) ડૉ.શુકલ રમેશચંદ્ર મહાશંકર મહાનુભાવને ડોકટર ઓફ લીટરેચર(ડી.લિટ્) ની માનદ્ પદવી એનાયત કરતી વખતે જરૂરી પ્રશસ્તિ પ્રવચન (સાઈટેશન) નો મુસદ્દો નકકી કરવા માટે એક સમિતિની નિમણૂક કરવા માટે વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

(૨૮) આર.કે.દેસાઈ અચ્છારીવાલા કોલેજ ઓફ કોમ્પ્યુટર એન્ડ એપ્લાઈડ્ સાયન્સ, વાપીનાં તા.૨૮–૮–૦૩નાં પત્ર ક્રમાંક: RKDMT/651/03 તથા વાલીઓને તા.૨૩–૯–૨૦૦૩ના પત્ર ધ્વારા દયાની કરેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

(નોંધ:–(૧) તા.૧૩–૫–૨૦૦૩ની આચારસમિતિની બાબત ક્રમાંક: ૩ થી ૧૬ વિદ્યાર્થીઓને દોષિત ઠેરીવી તેમનું પરીણામ રદ કરવા અને દંડ કરવા ભલામણ કરવામાં આવી છે.

(૨) સિન્ડિકેટે તેની તા. ૧૯–૬–૨૦૦૩ની સભાના ઠરાવ નં–૦૮ અન્વયે આચારસમિતિની ભલામણ યથાવત મંજૂર કરવામાં આવી છે.

(બિડાણ–૧૦)

(૨૯) પરીક્ષા આચારસમિતિની તા.૧૯–૯–૨૦૦૩ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભાલમણો પર વિચારણા કરવા બાબત.

(નોંધ:– પરીક્ષા આચાર સમિતિની ઉપરોકત સભાની કાર્યવાહી નોંધ/ભલામણો બિડાણ તરીકે સામેલ છે.)

(બિડાણ–૧૧)

(૩૦) સ્ટેટયુટ–૧૩૪(a)(7) ની જોગવાઈ અન્વયે બે પ્રોફેસર ઇનચાર્જની અનુસ્નાતક શિક્ષણ મંડળ (BUT) પર નિયુકિત કરવા અંગે વિચારણા કરવા બાબત. **(અનુસ્નાતક)**

સ્ટેચ્યુટ 134(a)(7):–

"Two Professors in charge of Post – Graduate Centers, nominated by the Syndicate"

(નોંધ:– સ્ટેટયુટ ૧૩૫/૧૩૬ની જોગવાઈ મજબ સદર સભ્યોની નિયુકિત તા.૨૩–૫–૨૦૦૩થી ત્રણ વર્ષ માટે કરવાની થાય છે.

નોંધ:–પ્રોફેસર ઇનચાર્જની યાદી બિડાણ તરીકે સામેલ છે.) (બિડાણ–૧૨)

(૩૧) કેમ્પસ ખાતેના વહીવટી મકાન પાસે પ્લાઝા અને પાર્કિંગ એરિયા બનાવવા અંગે વિચારણા કરવા બાબત. **(બાંધકામ)**

(નોંધ:– આ અંગે અંદાજે રૂા. ૧૩,૭૫,૨૧૦/–નો ખર્ચ થવા સંભવ છે.)

(૩૨) યુનિવર્સિટી કેમ્પસના મકાનો તથા જમીનજાયદાદ/માલ–મિલકતની જાણવણી માટે સિકયુરીટીનો કોન્ટ્રાકટ આપવા માટે મળેલ ટેન્ડરોના તુલનાત્મકપત્રક વિચારણા કરવા બાબત. **(એસ્ટેટ)**

:: **આથીઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસનાં મકાનો તથા જમીન જાયદાદ/માલ–મિલકતની જાણવણી માટે મળેલ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર ન્યુ ઈન્ડસ્ટ્રીયલ સિકયુરીટી સર્વિસિસ, સુરતનું તેમણે ભરેલ ભાવો તથા અન્ય શરતો નકકી કરવા અંગે પ્રસ્તુત પાર્ટી સાથે વાટાઘાટ કરી મંજૂર કરવાની સત્તા કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

(૩૩) શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫ માટે બી.એડ્ કોલેજોમાં તાલીમાર્થીઓને પ્રવેશ આપવા બાબતે પ્રવેશ સમિતિની રચના કરવા બાબત. **(શૈક્ષણિક)**

(નોધ:– શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦,ના વર્ષ માટે બી.એડ. પ્રવેશ સમિતિના સભ્યો નીચે પ્રમાણે હતા.

૧. ડો.શશીકાંત શાહ (કન્વીનર), ડીનશ્રી શિક્ષણ વિભાગ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

૨. ડો.કે.વી.દેસાઈ (સિન્ડિકેટના પ્રતિનિધિ)

૩. શ્રી હેમંત ટોપીવાલા (સિન્ડિકેટના પ્રતિનિધિ)

૪. આચાર્યશ્રી વી.ટી.ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ્ એજ્યુકેશન, સુરત.

૫. આચાર્યશ્રી શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા

૬. આચાર્યશ્રી કોલેજ ઓફ્ એજ્યુકેશન, ખરોડ, જિ– ભરૂચ

૭. ઈ.ચા.આચાર્યશ્રી શ્રી વી.આર.ભકત કોલેજ ઓફ્ એજ્યુ. કામરેજ ચારરસ્તા, ખોલવડ

૮. આચાર્યશ્રી કોલેજ ઓફ્ એજ્યુકેશન, નાની દમણ

(૩૪) યુનિવર્સિટી ધ્વારા નાયબ કુલસચિવની જગા માટે આપવામાં આવેલ જાહેરાતના સંદર્ભમાં પ્રવર્તમાન ઓર્ડિનન્સ–૩૭ અંતર્ગત કરવામાં આવેલ જોગવાઈ અન્વયે પસંદગી સમિતિની રચના કરવા બહારનાં ત્રણ નિષ્ણાંતોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

**(વહીવટી)**

(૩૫) ગુજરાત વિદ્યાપીઠ યુનિવર્સિટીમાં નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગને પ્રૌઢશિક્ષણ માટે મળેલી ૧૦ હજાર કીટ પૈકી ૫૦૦ કીટ વપરાશમાં લેવાયા બાદ બાકીની કીટો કોઈપણ અધિકાર મંડળ કે સક્ષમ અધિકારીની મંજૂરી લીધા વિના ડૉ.અનસૂયાબેન શેઠે તેને પસ્તીમાં કરેલ નિકાલ સંદભમાં તેની સામે ખાતાકીય તપાસ શરૂ કરવા સિન્ડિકેટે તા.૧૮–૫–૧૯૯૬ના

ઠરાવ ક્રમાંક:૫ અન્વયે કુલપતિશ્રીને આપવામાં આવેલ સત્તાની રૂએ કુલપતિશ્રીએ નિમેલ તપાસસમિતિએ તા.૧૪–૩–૨૦૦૨નાં પત્રાંક:ઈકો/ખા.ત./૧૬૮૮/૦૨થી રિપોર્ટ સુપ્રત કરતા સદર રિપોર્ટ પર સિન્ડિકેટે તેની તા.૧૪–૬–૨૦૦૨ બાબત ક્રમાંક:૩૨થી પ્રસ્તુત બાબત અંગે નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવતાં માનનીય કુલપતિશ્રીને તપાસ સમિતિએ કરેલ રિપોર્ટના સંદર્ભમાં વિચારણા કરવા રચવામાં આવેલ તપાસસમિતિએ તા.૪–૧–૨૦૦૩ના પત્રથી રજૂ કરેલ રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

**(વહીવટી)**

(નોંધ:–તપાસસમિતિનો રિપોર્ટ સભા સમયે રજૂ કરવામાં આવશે.)

(બિડાણ–૧૪)

(૩૬) યુનિવર્સિટીમાં કુલસચિવની જગા ભરવા માટે ઓર્ડિનન્સ–૩૭ હેઠળ રચવામાં આવેલ પસંદગી સમિતિની તા.૧૧–૭–૨૦૦૩ના રોજ મળેલસભાએ કરેલ ભલામણ સિન્ડિકેટની તા.૧૪–૮–૨૦૦૩ની સભામાં બાબત ક્રમાંક:(૪૭) હેઠળ વિચારવા માટે રજૂ કરતા સિન્ડિકેટનાં ઠરાવ્યાનુસાર આ જગા માટે પસંદગી સમિતિએ સ્વીકારેલ ડો. વિપીનભાઈ ડી.નાયકની લાયકાતની વિગતો સ્ક્રુટિની કમિટિના સભ્યો પાસે મંગાવી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાનું ઠરાવતા કુલસચિવની જગા માટે આવેલ ઉમેદવારોની અરજીઓમાંથી પાત્રતા નકકી કરવા માટે (૧) ડો.બી.આઈ.શેઠ તથા (૨) ડો.એસ.જી.શાહની રચાવામાં આવેલ સમિતિના સભ્યો પાસેથી સિન્ડિકેટનાં ઉપર ઠરાવ્યુનાસાર ડો.વિપીનભાઈ ડી.નાયકના કિસ્સામાં મેળવવામાં આવેલ રિપોર્ટ આ સાથે રજૂ કરવામાં આવેલ છે, જે અંગે વિચારણા કરવા બાબત.

**(વહીવટી)**

(નોંધ:–૧. આ સમિતિનો રિપોર્ટ સભા સમયે રજૂ કરવામાં આવશે.

૨. કુલસચિવની જગા માટે આપવામાં આવેલ જાહેરાત (લાયકાત ધોરણો સહિત) તથા ઉમેદવારોની લાયકાત ધરાવતી સિનોપ્સિસ બિડાણ તરીકે આ સાથે સામેલ છે.)

(બિડાણ–૧૫)

(૩૭) સિન્ડિકેટ તેની તા.૮–૫–૨૦૦૩ની સભાના ઠરાવ ક્રમાંક: ૧૦ અન્વયે યુનિવર્સિટી ગ્રંથાલય વિભાગમાં ટેકનિકલ આસિસ્ટંટની જગ્યા પર અનુક્રમે આપવામાં આવેલ બઢતીના સંદર્ભમાં તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા નિમાયેલી સમિતિની એક સભા મંગળવાર, તા. ૩૦–૯–૨૦૦૩ ના રોજ બપોરે ૧:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. જેની બિડાણ તરીકે સામેલ કાર્યવાહી પર વિચારણા કરવા બાબત.

**(વહીવટી)**

(બિડાણ–૧૬)

(૩૮) સિન્ડિકેટ તા.૧૪–૮–૨૦૦૩ની સભાના ઠરાવ ક્રમાંક:(૧૯) થી યુનિવર્સિટીનાં આંકડાશાસ્ત્રના અનુસ્નાતક

વિભાગના પ્રોફેસર એન્ડ હેડ ડૉ.એસ.એસ.શર્માની તા.૧–૧૦–૨૦૦૩ થી તા.૩૦–૧૦–૨૦૦૪ સુધી મંજૂર કરવામાં આવેલ અર્ધપગારી રજાના સદર્ભમાં ડૉ.શર્માએ તેમના તા.૧૮–૯–૨૦૦૩ના પત્રથી આજ સમયગાળા દરમ્યાનની તા.૧–૧૦–૨૦૦૩ થી તા.૨૭–૧૦–૨૦૦૩ સુધીની હકકરજા તથા તા.૨૮–૧૦–૦૩ થી ૩૦–૧૦–૦૪ સુધીની અર્ધપગારી રજા મંજૂર કરવા કરેલ વિનંતી સ્વીકારવાના S] , 5I TzLGF 5U, F\ GL GM\ W, [ JF AFATP

**(વહીવટી)**

(૩૯) યુનિવર્સિટીના પરીક્ષા નિયામકશ્રી દિલીપભાઈ સી.શાહ સામે અતી ગંભીર પ્રકારની ગેરશિસ્ત અને ગેરવર્તણૂકના આક્ષેપો માટે પ્રથમદર્શી પુરાવાઓ હોવાનું કુલપતિશ્રીનાં ધ્યાન પર આવતાં તથા તેમની સામે તાત્કાલિક પગલાં લેવાનું યુનિવર્સિટીના હિતમાં અનિવાર્ય જણાતાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એકટની કલમ–૧૧(૪)(અ)ની નીચે આપત્તકાલિન (ઈમરજન્સી) સત્તાઓ વાપરીને તેમની સામે ધારા ધોરણ અનુસાર શિસ્તભંગનાં પગલાં લેવાનું ઠરાવતાં તેમને તા: ૨૨–૧૦–૨૦૦૩ની કારણદર્શક નોટીસ આપવામાં આવી છે. તથા તેમને તા: ૨૨–૧૦–૨૦૦૩ના કાર્યાલય આદેશથી તાત્કાલિક અસરથી ફરજ મોકુફી પર મુકવામાં આવ્યાંછે. તે અંગેના કુલપતિશ્રીએ લીધેલા પગલાંના આ અહેવાલની નોંધ લેવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એકટની કલમ–૧૧(૪)(અ) અન્વયે, કુલપતિશ્રીએ લીધેલા ઉપરોકત પગલાંની નોંધ લેવી.

(નોંધ:– આ ઠરાવ નવ(૯) વિરુધ્ધ–એક(૧) મતે પસાર થયેલ છે. શ્રી હોશીંગ મીરઝાએ આપેલ નાસંમતિની નોંધ યુનિવર્સિટીના રેકોર્ડ પર રાખવામાં આવી છે.)

(૪૦) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા નિયામકશ્રી દિલીપભાઈ સી.શાહ સામે અતિ ગંભીર પ્રકારની ગેરશિસ્ત અને ગેરવર્તણૂક આચરવાના આક્ષેપો માટે પ્રથમદર્શીય પુરાવાઓ હોઈ તથા તાત્કાલિક પગલાં લેવાનું અનિવાર્ય હોવાનું જણાતાં કુલપતિશ્રીએ યુનિવર્સિટી એકટની કલમ–૧૧(૪)(અ) નીચે તથા ગુજરાત યુનિ. સર્વિસીસ ટ્રિબ્યુનલ એકટની કલમ–૧૪ હેઠળ શિસ્તભંગના પગલાં લેવાનો નિર્ણય લેતાં શ્રી દિલીપભાઈ શાહને તા: ૨૨–૧૦–૨૦૦૩ની કારણદર્શક નોટીસ પ્રસ્થાપિત કાયદા મુજબ આપવામાં આવી છે. તથા ટ્રિબ્યુનલ એકટની કલમ–૧૫ હેઠળ તેમને ફરજ મોકુફી પર તાત્કાલિક અસરથી મુકવાનું અનિવાર્ય જણાતાં તા: ૨૨–૧૦–૨૦૦૩ના કાર્યાલય આદેશથી તેમને ફરજ મોકુફી પર મુકવામાં આવ્યાં છે. તે સંદર્ભમાં પ્રસ્થાપિત કાયદા મુજબ સુનાવણી રાખીને ફરજ મોકુફીના પગલાંને રેટીફાય કરવા (બહાલી આપવા) અંગે વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, આજની સિન્ડિકેટની બેઠક સમક્ષ યુનિવર્સિટીનાં સદર કેસની રજુઆત મૌખિક રીતે ઈનચાર્જ કુલસચિવ શ્રી ડૉ.કિરણ પંડ્યાએ કરી હતી તથા તેમણે રેકર્ડ રજુ કરવા સાથે કારણદર્શક નોટીસમાનાં આક્ષેપો અંગે પ્રથમ દર્શી પુરાવાઓ પણ રજૂ કર્યા હતા.

આજની બેઠક સમક્ષ શ્રી દિલીપશાહ હાજર રહયા છે તેમણે તેમની સામે કરવામાં આવેલ આક્ષેપો ખોટા આક્ષેપો કેરલ છે અને હું નિર્દોષ છું. તે તમામની તપાસ થવી જોઈએ તેવું જણાવતી રજુઆત કરતા, તે સંતોષકારક જણાવેલ નથી. ઉપરોકત સંજોગોમાં પ્રાથમિક પુરાવાઓને જોતા સંજોગોનાં સંદર્ભમાં શ્રી દિલીપશાહને તાત્કાલિક અરસથી ફરજ મોકુફીનાં કુલપતિશ્રીએ લીધેલા પગલા વ્યાજબી હોવાનું જણાતા તેને રેટીફાઈ કરીને આથી બહાલી આપવામાં આવે છે.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી દિલીપ શાહ સામેના શિસ્તભંગના પગલાનાં સંદર્ભમાં ધારા ધોરણ અનુસાર જરૂર પડે ત વધારાની કારણદર્શક નોટીસ આપીને તથા ખાતાકીય તપાસ કરવા માટે આક્ષેપનામું આપીને તપાસ અધિકારી નિમવા માટેની કાર્યવાહી તથા અન્ય આનુસંગીત કાર્યવાહી જે કાંઈ કરવાની થતી હોય તે કરવા માટે આથી કુલપતિશ્રીને સિન્ડિકેટની તમામ સત્તાઓ આપવામાં આવે છે.

(નોંધ:– આ ઠરાવ આઠ(૮) વિરુધ્ધ એક(૧) મતે પસાર થયેલ છે એક સભ્યએ આ મતદાનમાં ભાગ લીધેલ નથી તથા શ્રી હોશીંગ મીરઝાએ આપેલ નાસંમતિની નોંધ યુનિવર્સિટીનાં રેકર્ડ પર રાખવામાં આવેલી છે.)

(૪૧) સાઉથ ગુજરાત ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સીસ, નવસારીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫થી "રેકગ્નાઈઝડ ઈન્સ્ટિટયૂશન" તરીકેની માન્ય સંસ્થા તરીકેની માન્યતા ચાલુ રાખવા પ્રસ્તુત સંસ્થાના નિયામકશ્રીએ તેમના તા.૧૫–૧૦–૨૦૦૩ના પત્રાંક: એસજીઆઈએમએસ/૧૧૦/૦૩ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

(૪૨) સરકારી વિનયન અને વાણિજય કોલેજ, સોનગઢનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫થી ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૧૬–૧૦–૦૩ના પત્રાંક:૪૦૪ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

(૪૩) સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરતનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી કાયમી ધોરણે મેળવવા પ્રસ્તુત કોલેજના નિયામકશ્રી અને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, સુરતના મંત્રીશ્રીની સંયુકત સહીથી તેમના તા.૮/૯–૧૦–૨૦૦૩ના પત્રાંક: એસસીઈટી/ એસીએડી/૯૩૯/૨૦૦૩ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

(૪૪) શ્રી મોહનલાલ હરકિશનદાસ કંસારા કેળવણી ટ્રસ્ટ, નવસારી સંચાલિત નારણલાલા કોલેજ ઓફ પ્રોફેશનલ એન્ડ એપ્લાઈડ સાયન્સીસ, નવસારીનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા પ્રસ્તુત ટ્રસ્ટના નિયામકશ્રીએ તેમના તા.૨૯–૯–૨૦૦૩ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

(૪૫) શ્રી મોહનલાલ હરકિશનદાસ કંસારા કેળવણી ટ્રસ્ટ, નવસારી સંચાલિત નારણલાલા ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજ્યુકેશન નવસારીનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત ટ્રસ્ટના નિયામકશ્રીએ તેમના તા.૨૯–૯–૨૦૦૩ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

(૪૬) શ્રી મોહનલાલ હરકિશનદાસ કંસારા કેળવણી ટ્રસ્ટ, નવસારી સંચાલિત નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫ થી ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત ટ્રસ્ટના નિયામકશ્રીએ તેમના તા.૨૯–૯–૨૦૦૩ના પત્રાંક:એમએચકેકેટી/એડીએમ/૧૧૦૭/૨૦૦૩ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

(૪૭) શ્રીમતી વાસંતીબેન રણછોડભાઇ ભકત શિક્ષણ મહાવિદ્યાલય, કામરેજ ચાર રસ્તાનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫ થી ચાલુ જોડાણ કાયમી ધોરણે મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૧૬–૧૦–૨૦૦૩ના પત્રાંક:વીઆરબી/શિ.મ/૨૮૩/૦૩ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

(૪૮) શ્રી માછી મહાજન એજ્યુકેશન સોસાયટી, નાની દમણ સંચાલિત કોલેજ ઓફ એજ્યુકેશનનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫ થી ચાલુ જોડાણ કાયમી ધોરણે મેળવવા પ્રસ્તુત સોસાયટીના ચેરમેનશ્રીએ તેમના તા.૧૪–૧૦–૨૦૦૩ના પત્રાંક:એસએમએમઈએસ/સીઈ/જોડાણ/૨૦૦૩–૦૪/૧૪૩ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

(૪૯) શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ માટે યુનિવર્સિટીની અનુસ્નાતક શિષ્યવૃત્તિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા માટે સિન્ડિકેટ તેની તા.૩–૧૦–૨૦૦૨ના ઠરાવ નં. ૬૭ અન્વયે, નીમેલી સમિતિની તા.૧૨–૯–૨૦૦૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(અનુસ્નાતક)**

(પ્રસ્તુત સમિતિની ભલામણ બિડાણ તરીકે સામેલ છે.) (બિડાણ–૧૮)

(૫૦) શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ માટે એમ.ફીલ./પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃત્તિ એનાયત કરવા માટે સિન્ડિકેટે તેની તા.૩–૧૦–૨૦૦૨ના ઠરાવ નં. ૬૮ અન્વયે, નીમેલી સમિતિની તા.૧૨–૯–૨૦૦૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. **(અનુસ્નાતક)**

(પ્રસ્તુત સમિતિની ભલામણ બિડાણ તરીકે સામેલ છે.) (બિડાણ–૧૯)

(૫૧) યુનિવર્સિટી કાર્યાલયમાં ફરજ બજાવતાં નીચે દર્શાવેલ બિન–શૈક્ષણિક કર્મચારીઓને આપવામાં આવેલ નિમણૂંકનાં સંદર્ભમાં બે વર્ષનો અજમાયશી સમય તેઓના નામ સામે દર્શાવેલ તારીખે પૂરો થતો હોય તેઓને નોકરીમાં કાયમ કરવા કે કેમ? તે અંગે વિચારણા કરવા બાબત.

**(વહીવટી)**

| S | GFD | CMNŸM | I JEF | I GD6} SG | SFI D |
|---|---|---|---|---|---|

| |<br>D | | | U | L TFZLB | SZJFGL<br>TFZLB |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી દિલીપ સી.શાહ | પરીક્ષા નિયામક | પરીક્ષા | ૯–૧૧–૨૦૦૧ | ૯–૧૧–૨૦૦૩ |
| ૨ | શ્રી જે.કે.વણપરીયા | નાયબ કુલસચિવ | પી.જી/ સિન્ડિકેટ | ૧૦–૧૧–૨૦૦૧ | ૧૦–૧૧–૨૦૦૩ |

નોંધઃ– કર્મચારીઓનો ખાનગી અહેવાલ સભાના સમયે રજૂ કરવામાં આવશે.

(૫૨) યુનિવર્સિટીના સમાજશાસ્ત્રના અનુસ્નાતક વિભાગના પ્રોફેસર એન્ડ હેડ ડો.એચ.સી.દોશી તા.૩૧–૧૦–૨૦૦૩ના રોજ વય મર્યાદાને કારણે નિવૃત થતાં હોઈ તેમની જગ્યાએ Statute-293 અંતગર્ત કરેલ જોગવાઈ અનુસાર તે વિભાગમાં પ્રોફેસર તરીકે(Under Merit Promotion Scheme હેઠળ) ફરજ બજાવી રહેલ ડો. જગન્નાથ પાથી તે વિભાગમાં સૌથી શ્રેયાંન કર્મચારી હોઈ તેમને તે વિભાગના હેડ તરીકે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

Statute – 293 :

There shall be a Head of the Department for each Department to be appointed by the Syndicate. The Syndicate shall appoint the senior most full time teacher not below the rank of Reader from amongst the staff of the Department to work as the Head of the Department. The whole time University Teacher appointed to act temporarily as the Head of University Department in the place of the permanent incumbent on leave shall not be considered to occupy the office under the designation of the Head of a University Department for the purpose of Section 16(1) Class I (C) (I) and Section 19 (1) (VI).

Notwithstanding anything contained above the Senior most whole time University Teacher not below the rank of a Reader in the Department appointed as officiating Head of the Department in a permanent vacancy caused by the death, retirement, resignation or termination of services or such other reason shall be deemed to hold office for the purposes mentioned above.

(૫૩) તાઃ ૨૩–૫–૨૦૦૩થી નવી સિન્ડિકેટની રચના થઈ હોવાથી સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની પુર્નરચના કરવા અંગે વિચારણા કરવા બાબત. (વહીવટી)

(નોંધઃ ઉપરોકત સમિતિ પર સિન્ડિકેટ તાઃ ૨૮–૯–૨૦૦૦ની સભાના ઠરાવ–૧૬ અન્વયે નીચેના સભ્યોની નિમણૂંક કરવાનો પ્રસ્તાવ રજુ કરવામાં આવ્યો હતો.

૧. કુલપતિશ્રી

૨. ઉપકુલપતિશ્રી

૩. પ્રા. બી.જી.પંચાસરા

૪. પ્રા. ગિરીશભાઈ રાણા

૫. શ્રી ગૌરાંગભાઈ વૈદ્ય

૬. શ્રી નૈષધભાઈ દેસાઈ

૭. પ્રા. ડી.એમ.પટેલ

૮. શ્રી કિશોરભાઈ વાઘેલા

૯. શ્રી કિરણભાઈ ઠાકોર

૧૦. પ્રા. વસંતભાઈ ગામીત

૧૧. પ્રમુખ/મંત્રી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી બિન–શૈક્ષણિક કર્મચારી મંડળ (આમંત્રિત)

મૌખિક સૂચનાનુસાર નામ રદ કરવામાં આવેલ છે.)

(૫૪) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારનાં આચાર્ય મંડળના તા.૧૫–૯–૦૩ના પત્રથી જણાવે છે કે ચાલુ શૈક્ષણિક વર્ષથી વિદ્યાર્થી પ્રતિનિધિની રચના પસંદગી પધ્ધતિથી કરવા અંગે વિચારણા કરવા બાબત. **(યુવક કલ્યાણ)**

(બિડાણ–૨૦)

(૫૫) બજેટ પ્રોવિઝન ઓફ હાયર પેમેન્ટ ફીસ એકાઉન્ટ ફોર ૨૦૦૩–૨૦૦૪ બાબતે ગણિતશાસ્ત્ર વિભાગના પ્રોફેસર એન્ડ હેડ ડો.પી.એચ.ભાઠાવાલાના તા: ૮–૮–૨૦૦૩ના પત્રાંક: મેથ્સ/બજેટ/૩૯૩૬ પર વિચારણા કરવા બાબત. (ગણિતશાસ્ત્ર)

(બિડાણ–૨૧)

**(૫૬) સને ૨૦૦૩ના એપ્રિલ/મેના બાકી રહેલા તેમજ ઓકટોબર/નવેમ્બર–૨૦૦૩ માસમાં લેવાનાર પરીક્ષાઓમાં ગેરરીતિ આચરવાના કિસ્સાઓમાં તથા પરીક્ષકો અને યુનિવર્સિટી સ્ટાફના સભ્યોની ભૂલોના કિસ્સાઓ તપાસી યોગ્ય પગલાં લેવાની સિન્ડિકેટને ભલામણ કરવા માટે પરીક્ષા આચારસમિતિના સભ્યોની નિમણૂંક કરવા અંગે વિચારણા કરવા બાબત. (પરીક્ષા)**

**(નોંધ: અગાઉ સિન્ડિકેટની તા.૧૭–૪–૨૦૦૩ની ઠરાવ ક્રમાંક: ૩૨ થી સિન્ડિકેટનું પુન:ગઠન થવાથી સમિતિની પુન: રચના કરવાની રહે છે.**

**(૧) આ.આર.સી.શુકલ (૨) ડો. કે.આર.દેસાઈ**

**(૩) પ્રા. અનિલભાઈ ગોયલ (૪) પ્રા. ગિરીશભાઈ રાણા**

| | |
|---|---|
| (૫) આ. ભગવાનદાસ પંચાસરા | (૬) શ્રી હેમંતભાઈ ટોપીવાલા |
| (૭) આ.ડો.ભાસ્કરભાઈ રાવલ | (૮) પ્રા. વિનોદભાઈ પટેલ |
| (૯) આ.ડો. જી.જે.પરમાર | (૧૦) આ.ડો.અશોકભાઈ દેસાઈ |
| (૧૧) પ્રા. આર.ટી.વશી | (૧૨) ડો. પ્રવિણભાઈ ભાઠાવાલા |
| (૧૩) ડો. વિપુલભાઈ સોમાણી | (૧૪) પ્રા. રૂદ્રેશભાઈ વ્યાસ |
| (૧૫) આ. જાગૃતિબેન પટેલ ) | |

**નોંધ લેવા બાબત :**

(૫૭) યુનિવર્સિટીની એપ્રિલ ૨૦૦૦ની ટી.વાય.બી.એસસીની વાર્ષિક પરીક્ષામાં કેમેસ્ટ્રી વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનારને ડો.બી.એમ.દેસાઈ પ્રાઈઝ તથા ડો.આર.કે.ચપારા પ્રાઈઝ અંગે વિવાદ થતાં વલસાડ કોલેજની વિદ્યાર્થિનીએ નામદાર સુરતની સિવિલ કોર્ટમાં રે.દિ.મુ. નં. ૭૧/૨૦૦૦ દાખલ કરી દાદ માંગી હતી. પ્રસ્તુત કેસ નામદાર કોર્ટે કાઢી નાંખ્યો છે. તેની નોંધ લેવા બાબત.

(લિગલ સેલ)

(૫૮) શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ની એમ.બી.એ. (ફુલટાઈમ અને ઈવનીંગ) અભ્યાસક્રમની નીચે પ્રમાણેની સૂચિત સત્રવ્યવસ્થા સિન્ડિકેટ વતી મંજૂર કરવાના કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત. (શૈક્ષણિક)

**એમ.બી.એ.(ફુલટાઈમ તથા ઈવનીંગ) અભ્યાસક્રમની**
**શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ની સત્ર વ્યવસ્થા**

(d) Working days required for M.B.A. (Evening) Sem. I to cover 50 class hours considering the Start of Classes from August 18, 2003

| | | | |
|---|---|---|---|
| (i) | a) | Start of terms for M.B.A. (F.T.) Sem - I | 06-10-03 |
| | | End of Terms for M.B.A. (F.T.) Sem - I | 10-01-04 |
| | b) | Start of terms for M.B.A. (Eve.) Sem - I | 18-08-03 |
| | | End of Terms for M.B.A. (Eve.) Sem - I | 10-01-04 |
| | c) | Start of Exam for M.B.A. (F.T.) Sem - I | 27-01-04 |
| | | and for M.B.A. (Eve.) Sem - I | 27-01-04 |
| | d) | End of Exam for M.B.A. (F.T.) Sem – I | 11-02-04 |
| | | and for M.B.A. (Evening) Sem – I | 11-02-04 |

Considering Preparation Leave from 11-01-04 to 26-01-04

| | | | |
|---|---|---|---|
| (ii) | a) | Start of terms for M.B.A. (F.T.) Sem - III | 07-08-03 |
| | | End of Terms for M.B.A. (F.T.) Sem - III | 29-11-03 |
| | b) | Start of terms for M.B.A. (Eve.) Sem - III | 07-08-03 |
| | | End of Term for M.B.A. (Eve.) Sem - III | 29-11-03 |
| | c) | Start of Term for M.B.A. (Eve.) Sem - V | 07-08-03 |
| | | End of Term for M.B.A. (Eve.) Sem - v | 29-11-03 |
| | d) | Start of Examination for M.B.A. (F.T.) Sem –III | 11-12-03 |
| | | and for M.B.A. (Evening) Sem – III | 11-12-03 |
| | | and for M.B.A. (Evening) Sem – V | 11-12-03 |
| | e) | End of Examination for M.B.A. (F.T.) Sem –III | 31-12-03 |

and for M.B.A. (Evening) Sem III 31-12-03
and for M.B.A. (Evening)Sem V 31-12-03

- Examinatin in the paper – QM, CAM for M.B.A. (Evening) (Sem III) will be conducted with the Examination of M.B.A. (F.T.) Sem I.

Considering Preparation Leave from 30-11-03 to 10-12-03

| | | | |
|---|---|---|---|
| (iii) | a) | Start of terms for M.B.A. (F.T.) Sem - II | 16-02-04 |
| | | End of Term for M.B.A. (F.T.) Sem - II | 30-04-04 |
| | b) | Start of term for M.B.A. (Eve.) Sem - II | 07-02-04 |
| | | End of Term for M.B.A. (Eve.) Sem - II | 30-04-04 |
| | c) | Start of Examination for M.B.A. (F.T.) Sem –II | 10-05-04 |
| | | and for M.B.A. (Evening) Sem – II | 10-05-04 |
| | d) | End of Examination for M.B.A. (F.T.) Sem –II | 26-05-04 |
| | | and for M.B.A. (Evening) Sem II | 26-05-04 |

Considering Preparation Leave from 30-11-03 to 10-12-03

- Summer Training begins on 01-06-04
- Summer Training ends on 31-07-04

(iv) a) Duration of Winter Project for M.B.A. (F.T.) Sem. IV

| | | |
|---|---|---|
| Phase – I | : | 08-10-03 to 18-10-03 (Problem definition) |
| Phase – II | : | 10-11-03 to 30-11-03 (Instrument Development) |
| Phase – III | : | 01-01-04 to 31-01-04 (Data Collection) |
| Phase – IV | : | 01-02-04 to 29-02-04 (Report Drafting and Finalizing & Approval by the guide) |
| Phase – V | : | Submission of Project Report by 15-03-04 |
| Phase – VI | : | Viva examination by 31-03-04 |

**NOTE :**

1) The Project Guidance details should be maintained by the Project guide as the same may be required by the University any time.
2) A list of Students, name of the guides should be sent to the Dean of the Faculty of Management studies by 31-01-04 and copy of the same be sent to Controller of the Examination S.G. University, Surat.

| | | | |
|---|---|---|---|
| (V) | a) | Start of Term for M.B.A. (F.T.) Sem - IV | 01-02-04 |
| | | End of Term for M.B.A. (F.T.) Sem - IV | 17-04-04 |
| | b) | Start of Term for M.B.A. (Eve.) Sem - IV | 01-01-04 |
| | | End of Term for M.B.A. (Eve.) Sem - IV | 17-04-04 |
| | c) | Start of Term for M.B.A. (Eve.) Sem - VI | 01-01-04 |
| | | End of Term for M.B.A. (Eve.) Sem - VI | 30-04-04 |
| | d) | Start of Examination for M.B.A. (F.T.) Sem –IV | 29-04-04 |
| | | M.B.A. (Evening) Sem – IV | 29-04-04 |
| | | M.B.A. (Evening) Sem VI | 07-05-04 |

e) End of Examination for M.B.A. (F.T.) Sem –IV 08-05-04
M.B.A. (Evening) Sem – IV 08-05-04
M.B.A. (Evening) Sem VI 15-05-04

**Considering preparation Leave from 18-04-04 to 28-04-04 for M.B.A. (F.T) (Sem. IV) & M.B.A. (Evening) Sem. IV.**

(૫૯) પી.જી.ડિપ્લોમાં ઈન જર્નાલિઝમ અને પી.જી.ડિપ્લોમા ઈન માસ કોમ્યુનિકેશન માટે, Digital Camcorder (quantity 03) DSR-PD-170P (Total price in U.S.$ 10,542.00 તથા એસેસરીઝ (1) AC Adapter, AC-V700A (quantity 03) (Total price in U.S. $ 456.00 (2) Rechargable Batrtery Pack, NP-F980 (quantity 03) (total price in U.S. $ 546.00 કુલ કિંમત U.S. $ 11,544.00 ની કિંમતે ભારતીય અધિકૃત એજન્ટ, ટેલિરાડ, નરોડા, અમદાવાદ મારફત સોનીના પ્રિન્સીપલ ડિલર SONY CORPORATION LTD., HONG KONG થી આયાત (Import) કરવા માટે વિચારણા કરવા બાબત. (અંગ્રેજી)

(નોંધ: (૧) ૧ ડોલર=રૂ.૪૫ પ્રમાણે કુલ $ 11,544.00=RS. 5,19,480.00

(૨) કસ્ટમ કિલઅરન્સના ચાર્જીસ અલગ થશે.

પ્રસ્તુત ખર્ચ યુ.જી.સી.ની દશમી યોજનાની ઈકિવપમેન્ટ ગ્રાંટ હેઠળ કરવામાં આવશે.

બિડાણ:

(૧) ટેલિરોડ, અમદાવાદનો પત્ર

(૨) સોની હોંગ કોંગનો ટેલિરાડ અમદાવાદ, માટે ઓથોરાઈઝેશન પત્ર

(૩) સોની–હોંગ કોંગનો પ્રોફર્મા ઈનવોઈસ

(૪) સોની હોંગ કોંગના ટર્મ અને કન્ડીશન)

(બિડાણ–૨૨)

(૬૦) યુનિવર્સિટી ખાતે ચાલતા કોમ્પ્યુટર સાયન્સ ડિપાર્ટમેન્ટને દશમાં પંચવર્ષીય યોજનામાં બિલ્ડીંગ માટે યુ.જી.સી.એ રૂ. ૫૦,૦૦,૦૦૦/–ની ગ્રાંટ આવેલ છે. તા: ૨૨ ઓકટો ૦૩ કોમ્પ્યુટર સાયન્સના વડાના પત્ર અનુસાર બિલ્ડીંગ બાંધવા વધારે નાણાંની જરૂર છે. તે માટે કોમ્પ્યુટર સાયન્સ વિભાગના વડાના પ્રસ્તુત પત્ર પર વિચારણા કરવા બાબત. (કોમ્પ્યુટર સાયન્સ)

(બિડાણ–૨૩)

(૬૧) યુનિવર્સિટી ખાતે ચાલતા કોમ્પ્યુટર સાયન્સ ડિપાર્ટમેન્ટના MCA, DCA ના અભ્યાસક્રમ માટે બે વ્યાખ્યાતાઓની સેલ્ફ ફાયનાન્સ ફંડ માંથી નિમણૂંક કરવા પ્રસ્તુત ડિપાર્ટમેન્ટના વડાનો તા:

૧–૮–૨૦૦૩નાં પત્ર પર વિચારણા કરવા બાબત. (કોમ્પ્યુટર સાયન્સ)

(બિડાણ–૨૪)

<u>અધ્યક્ષશ્રીની મંજૂરીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી હતી.</u>

(૬૨) શ્રી દિલીપભાઇ સી.શાહએ તેમને ફરજ મોકૂફી મુકવાના કુલપતિશ્રીએ યુનિવર્સિટી એકટની કલમ ૧૧(૪)(અ) હેઠળ લીધેલાં પગલાં સામે સિન્ડિકેટને અપીલ કરી છે તે અંગે વિચારણા કરવા બાબત. (જનરલ)

:: આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ડી.સી.શાહને ફરજમોકૂફી પર મુકવાનાં પગલાંને સિન્ડિકેટે ગુજરાત યુનિવર્સિટી સર્વીસીસ ટ્રીબ્યુનલ એકટની કલમ ૧૫ અન્વયે, રેટીફાય કરેલી હોવાંથી શ્રી દિલીપભાઇ શાહનો ફરજ મોકૂફીનો આ આદેશ હવે સિન્ડિકેટનો આદેશ બની જાય છે. આથી આ સિન્ડિકેટને શ્રી દિલીપભાઇ સી શાહની અપીલ સાંભવાનો કોઇ અધિકાર નથી. વધુમાં કાર્યક્ષેત્રનાં અભાવે સદરહું અપીલ વંચાણે પણ ન લઇ શકાય. તેથી સદરહું અપીલ શ્રી દિલીપભાઇ સી.શાહને પરત કરવી એવું ઠરાવવામાં આવે છે.

(નોંધ:– આ ઠરાવ નવ(૯) વિરુધ્ધ એક(૧) મતે પસાર થયેલ છે. શ્રી હોશંગ મીરઝાએ આપેલ નાસંમતિની નોંધ યુનિવર્સિટીના રેકર્ડ પર રાખવમાં આવેલ છે.)

યુનિવર્સિટી કાર્યાલય

સુરત. તા. ૧૦–૧૧–૨૦૦૩ ઇ.ચા.કુલસચિવ
ક્રમાંક : એસ–૧(૧)/૯૭૫૫ તા. ૧૦–૧૧–૨૦૦૩
પ્રતિ,
સિન્ડિકેટ ના સર્વે સભ્યશ્રીઓ............